

## કુહાડીનો હાથો

– રતિલાલ સાં. નાયક

એક કઠિયારો હતો તે ગરીબીમાં આવી ગયો.

તેણે કોઈની પાસે માગીને ખાવું પસંદ ન કર્યું. તેણે નક્કી કર્યું કે મહેનત કરવી ને એમાંથી જે મળે એની ઉપર જ જીવવું.

એક પડોશીએ એને લોઢાનું પાનું ભેટ આપ્યું. તેણે કહ્યું, 'આનાથી તું જંગલમાં જઈ લાકડાં કાપજે, ને એ વેચી ગુજારો કરજે.'

કઠિયારો લોઢાનું પાનું લઈ જંગલમાં ગયો.

જંગલનાં મોટાં ઝાડ ધ્રૂજી ગયાં. એમને થયું, 'આપણું આવી બન્યું. આ કઠિયારો એની પાસેના પાનાથી આપણને કાપી નાંખશે. એક જૂનું ઝાડ જે આગેવાન જેવું હતું એણે કહ્યું, ''આ કઠિયારો લોઢાનું પાનું લઈ આવ્યો છે

એથી ગભરાવાની કશી જરૂર નથી. આપણી સામે ભય ઊભો થયો છે તો આપણે એકસંપ થઈ ભયનો સામનો કરીએ. કઠિયારાને પહેલાં તો લોઢાના પાનાના વેહમાં પૂરવા લાકડું જોઈશે. કઠિયારો લાકડાનો હાથો બનાવી વેહમાં બેસાડે તો લોઢાનું પાનું કુહાડો બને ને આપણને એનાથી એ કાપી શકે. આપણે આપણી વચ્ચે ફૂટ ન પડવા દઈએ ને કઠિયારા માટે હાથો બનવાનું સાધન ન બનીએ તો આપણને એ કશું નુકસાન ન કરી શકે.''

કઠિયારાએ આ સાંભળ્યું ને એ પાછો ગયો.

એણે નક્કી કર્યું, રોજ જંગલમાં આવવું ને ઝાડ વચ્ચે ફૂટ પડે ત્યાં સુધી ધીરજ ધરવી.

એને ખાતરી હતી કે કોઈ ને કોઈ ઝાડ એક દિવસ તો ઝઘડશે જ.

અને એમ જ થયું, એક ઘટાદાર લીલા ઝાડ અને એક સૂકા ઠૂંઠા ઝાડ વચ્ચે નહિ જેવી વાતમાં ઝઘડો થયો. પવનના એક જોરદાર વાવાઝોડાને કારણે ઘટાદાર લીલા ઝાડનો થોડોક ભાગ પાસે જ ઊગેલા સૂકા ઠૂંઠા ઝાડ ઉપર જોરથી અથડાયો. સૂકું ઝાડ ઢળી પડતું માંડ બચ્યું. એણે ગુસ્સે થઈને લીલા ઝાડને કહ્યું, 'સૂકું એવું હું તારી પડોશમાં ઊભું છું તે તને નથી ગમતું. તું જાણી જોઈને મને પાડી નાખવા માગે છે.'

લીલું ઝાડ આ ખોટો આરોપ સહન ન કરી શક્યું ને સૂકા ઝાડને એણે ન કહેવાનાં વેણ કહ્યાં.

સૂકા ઝાડને એ વેણ હાડોહાડ લાગી ગયાં. એણે નક્કી કર્યું, લીલું ઝાડ મને ઉખેડી મૂકે એ પહેલાં હું જ લીલા ઝાડને પડાવી નાખું. એ માટે હું પેલા રોજ આવતા કઠિયારાની કુહાડીનો હાથો બનું.

કઠિયારાને તો આટલું જ જોઈતું હતું. સૂકા ઠૂંઠા ઝાડે સામે ચાલીને હાથા માટે લાકડું આપવા તૈયારી બતાવી. એણે કહ્યું કે તારે બીજાં ઝાડ કાપવાનાં જેમાં આ હરામખોર લીલું મોટું ઝાડ તો ખરું જ, પણ મને ક્યારેય નહિ કાપવાનું.

કઠિયારાએ પછી પ્રથમ તો લીલા મોટા ઝાડનો જ ખુડદો બોલાવી દીધો. અને રોજ રોજ આવી બીજાં ઝાડ પણ કાપી કાપીને લાકડાં લેવા માંડયાં.

એમ કરતાં જંગલનાં બધાં ઝાડ પૂરાં થયાં. હવે બચ્યું હતું માત્ર પેલું સૂકું ઠૂંઠું ઝાડ.

એક દિવસ કઠિયારો એને પણ કાપવા તૈયાર થઈને આવ્યો. સૂકા ઠૂંઠા ઝાડે પોતે કરેલા ઉપકારની ઘણી યાદ આપી પણ કઠિયારો તો એક જ વાક્ય બોલતો રહ્યો : 'તને ન કાપું ને શું હું ભૂખ્યો રહું ?'

બીજાને માટે ખાડો ખોદનારનો એવો જ ખાડો એક દિવસ તો ખોદાઈને જ રહે છે એ વાત સૂકું ઠૂંઠું ઝાડ સમજ્યું ખરું પણ ત્યારે મોતે એનો કબજો લઈ લીધો હતો.

■